બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૭૫

# ઉકેલપત્ર : સત્સંગ પ્રવેશ - ૧

(સમય : ૯ થી ૧૧.૧૫) (રવિવાર, ૧૩ જુલાઈ, ૨૦૦૮)

## (વિભાગ - ૧ : નીલકંઠ ચરિત્ર, પંદરમી આવૃત્તિ - જુલાઈ, ૨૦૦૭)

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ : - કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

**૧.** ➪ ઘનશ્યામ - રઘુનંદનને. (૩/૫) ➪ રઘુનંદને ઘનશ્યામનાં વિરહમાં પ્રાણ ત્યાગ કર્યો ત્યારે.

**૨.** ➪ બીજલ કોળી - નીલકંઠને (૩૭/૭૦) ➪ પાણીની અછતથી કૂવાનાં પાણી ઊંડા ગયાં હતાં. બળદની કાંધે ચાઠાં નીકળેલાં જોઈને નીલકંઠને દયા આવી. તેથી વાડીમાં આવી નીલકંઠે બીજલ કોળી પાસે પાણી પીવા માંગ્યું ત્યારે

**૩.** ➪ લાલજી - રામાનંદ સ્વામીને (૫૧/૧૦૧) ➪ મયારામ ભટ્ટની લોજમાં જઈને નીલકંઠવર્ણીના દર્શનની વાત સાંભળીને શંકાશીલ લાલજી રામાનંદ સ્વામી પાસે કચ્છ ગયા ત્યારે નીલકંઠ કેવા મોટા છે તે પ્રશ્ન પૂછતાં કહે છે.

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

**૧.** લોજ આશ્રમમાં મુક્તાનંદ સ્વામી પાસેથી નીલકંઠને પોતાના પ્રશ્નો જીવ, ઈશ્વર, માયા શું છે ? બ્રહ્મ અને પરબ્રહ્મનાં સ્વરૂપો કેવા છે ? તેનો ઉત્તર જાણવા મળ્યો. વળી રામાનંદ સ્વામીનાં દર્શનની તીવ્ર ઇચ્છા હોવાથી નીલકંઠ લોજમાં રહેવા તૈયાર થયા. (૪૩/૮૭)

**૨.** જમાદારે સમાધિમાં નીલકંઠને સિંહાસન પર બેઠેલા અને રામાનંદ સ્વામીને સ્તુતિ કરતાં જોયા. જ્યારે અહીં રામાનંદ સ્વામી ગાદી-તકિયે બેઠેલા અને નીલકંઠ નીચે બેઠેલા હતા. તેથી જમાદારને આશ્ચર્ય થયું. (૫૩/૧૦૪-૧૦૫)

**૩.** સિરપુરમાં નીલકંઠ પાસે એક તેલંગી બ્રાહ્મણ આવી ચડ્યો. લોભીપણામાં તેણે રાજા પાસેથી હાથી અને કાળપુરુષ દાનમાં લીધા. તેથી તે બ્રાહ્મણ ખૂબ ગોરો અને રૂપાળો હોવા છતાં યોગ્યતા વિના અને લોભથી લીધેલ દાનને લીધે આખું શરીર કાળું-કદરૂપું થયું. આથી બ્રાહ્મણો દ્વારા તેની નિંદા અને હાંસી થવા લાગી. આથી દુઃખથી આકુળવ્યાકુળ થઈ રોવા લાગ્યો. (૧૯/૩૪)

**પ્ર.૩ નીચેના પ્રસંગોમાંથી કોઈપણ એક પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

**૧. લખુ ચારણને ત્યાં નીલકંઠ (૪૦/૭૭) :-** લોઢવામાં લખુબાઈ ચારણ નામની ભક્ત સમાધિનિષ્ઠ અને નિરાવરણ દૃષ્ટિવાળી હતી. તે આત્માનંદ સ્વામીની શિષ્યા હતી. આત્માનંદ સ્વામીની આજ્ઞાથી તેમના ઘેર વિઠ્ઠલાનંદ અને બાલાનંદ નામના બે બ્રહ્મચારી રહેતા હતા. ગામમાં આવતાં દરેક સાધુ-સંતને તે સદાવ્રત આપતી. દરેકની પરીક્ષા પણ કરી લેતી. તેને નીલકંઠ સનકાદિક જેવા લાગ્યા. તેથી આગ્રહ કરીને ત્રણ માસ પોતાને ત્યાં રાખ્યા. એક દિવસ નીલકંઠે લખુબાઈને પૂછ્યું :'તમે ભક્તિદીક્ષા કોની પાસે લીધી ?' ત્યારે લખુબાઈએ કહ્યું 'ત્રંબા ગામમાં આત્માનંદ સ્વામીનું સ્થાન. તેઓ વચનસિદ્ધિ, ખરા સદ્‌ગુરુ અને સાક્ષાત્ જીવનમુક્ત. તેઓ અદ્વૈતના ઉપાસી એટલે 'બ્રહ્મ નિરાકાર છે' એમ ઉપદેશ આપે. અમે સૌ ભગવાનને નિરાકાર માનીએ. વિઠ્ઠલાનંદ અને બાલાનંદને તેમણે દીક્ષા આપેલી. અમે તો તેમને ઈશ્વર જેવા ગણીએ છીએ.

**૨. કૃતઘ્ની સેવકરામ (૩૦/૫૫) :-** સેવકરામ ભાગવતનો ભણેલો વિદ્વાન માત્ર કથાકાર હતો. કાંચીપુરના માર્ગે નીલકંઠને મળેલો. નીલકંઠને ભાગવતમાં ખૂબ રુચિ તેથી તેની સાથે રહ્યા. તેની પાસે એક હજાર સોનામહોર હતી પણ કોઈ સેવક નહિ. તેને મરડો થયો, પીડા થાય, ચલાય નહિ તેથી રોવા લાગ્યો. નીલકંઠે તેની સેવા કરવાનું આશ્વાસન આપ્યું. કેળાની ફૂલવાડીમાં કેળના પાનની હાથ ઊંચી પથારી કરી આપી. તેમાં સેવકરામને સૂવાડ્યો અને તેની સેવા કરવા લાગ્યા. સેવકરામ પોતાની જરૂરિયાત પૂરતી વસ્તુ પૈસા આપી મંગાવતા. તેમાંથી નીલકંઠ રસોઈ કરી તેને જમાડતા. નીલકંઠને ભિક્ષા ન મળે તો ઉપવાસ પણ થતા. તો પણ સેવકરામ તેમને જમવાનું ન કહેતો. બે મહિનાની સેવા પછી તે સાજો થયો. એક મણ ભારનું પોટલું તે રાખતો અને નીલકંઠ પાસે ઉપડાવતો. નીલકંઠે જોયું કે આનામાં કરેલા ઉપકારની કૃતજ્ઞતા નથી. તેથી નીલકંઠે તેનો સંગ છોડી દીધો.

**૩. સ્ત્રી-પુરુષની સભા જુદી કરી (૪૬/૯૧) :-** લોજ આશ્રમની બાજુમાં જીવરાજ શેઠના ડેલામાં મુક્તાનંદ સ્વામી રોજ કથા કરતા હતા. સર્વ સંતો સાથે નીલકંઠ પણ કથામાં ગયા. તેમણે સભામાં જોયું કે સ્ત્રી અને પુરુષો ભેગા ખીચોખીચ બેઠેલાં હતા. આનાથી બ્રહ્મચર્ય વ્રતનો ભંગ થાય. તેથી નીલકંઠ પાછા વળી ગયા. મુક્તાનંદ સ્વામીએ માન્યું કે ત્યાગનો અતિરેક છે. પછી તેમને સમજાવીશું. પણ નીલકંઠ જતાં રહેતાં સૌ શૂન્ય મનસ્ક થઈ ગયા. સૌના ચિત્તની એકાગ્રતા તૂટી ગઈ. બીજે દિવસે સભા શરૂ થઈ ત્યારે નીલકંઠે સંતો હરિભક્તોને મંદિરમાં આવવા કહ્યું. પોતે ત્યાં કથા સંભળાવશે. પણ સ્ત્રીઓ સાથે બેસી કથા સાંભળવી તે ધર્મ નથી. તે સમજાતા સૌ સંતો અને હરિભક્તો નીલકંઠની પાછળ ચાલ્યા. સભામાં માત્ર સ્ત્રીઓ રહેતાં મુક્તાનંદ સ્વામીએ ત્યાં બેઠેલ બહેનોને કહ્યું, ‘‘હવે આ છેલ્લા રામ રામ. આજથી સ્ત્રીઓ અને પુરુષોની સભા જુદી થશે.

**પ્ર.૪ નીચેના પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)** **☞ નોંધ :- અડધા જવાબના ગુણ આપવા નહીં.**

૧. નીલકંઠે વિ.સં. ૧૮૪૮ ના અષાઢ સુદ ૧૦ ને દિવસે ગૃહત્યાગ કર્યો. (૧/૧)

૨. અષ્ટાંગ યોગનાં આઠ અંગોનાં નામ : યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ. (૧૭/૩૧)

૩. હવે ક્યારેય ભૂલથી પણ આવો મલિન ઘાટ અમારાથી થઈ જાય તો તે નિષ્ફળ થાઓ. આવા પ્રસંગે અમારી વાણી નિષ્ફળ જાઓ. (૯/૧૬)

૪. આ.સં. ૧૮૫૬ના જેઠ વદ બારસે પીપલાણામાં નીલકંઠ અને રામાનંદ સ્વામીનું પ્રથમ મિલન થયું. (૫૨/૧૦૨-૧૦૩)

૫. ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવાના બદલે આ લોકના પદાર્થોમાં આવો મોહ રાખશો તો આ લોકમાંથી છૂટશો ક્યારે? (૧૫/૨૭)

**પ્ર.૫ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલ ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ : - એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ૧, ૩ (૨૪/૪૬, ૨૧/૩૮)  ૨. ૧, ૩, ૪ (૪૯/૯૪)

**પ્ર.૬ નીચેનાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૫)**

૧. જગન્નાથપુરી (૨૭/૪૯)  ૨. પુલહાશ્રમ (૧૩/૨૩)  ૩. ચતુર્ભુજ નારાયણ (૪/૮)  ૪. સુર્યપુર (સૂરત) (૩૫/૬૬)

૫. શ્રીપુર (૬/૧૨)

**(વિભાગ - ૨ : સત્સંગ વાચનમાળા ભાગ-૧, નવમી આવૃત્તિ - ઑગસ્ટ, ૨૦૦૬)**

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ : - કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ✰ રણછોડરાય - આશાભાઈને (૮/૫૩) ✰ આશાભાઈ દર પૂનમે ડાકોર રણછોડરાયનાં દર્શને જતાં. ત્યાં કેટલુંક ધર્મ વિરુદ્ધ આચરણ જોઈ પોતે ઘણીવાર મનમાં ક્ષોભ પામતા. ત્યારે એક રાત્રે રણછોડરાયે સ્વપ્નમાં દર્શન દઈને કહ્યું.

૨. ✰ એભલ ખાચર - જીવુબાને (૬/૩૯) ✰ ખુલ્લી તલવારે જીવુબાને મારવા આવેલા એભલ ખાચરને ભગવાનનાં ચર્તુભુજરૂપે દર્શન થતાં એભલખાચર જીવુબાને પૂછે છે ત્યારે.

૩. ✰ દેવાનંદ સ્વામી - મેરાઈ ભક્તને.(૨/૧૫) ✰ મૂળી મંદિરનું અધૂરું કાર્ય એમના હસ્તે પૂરું થયું તે પછી દેવાનંદ સ્વામી સંવત ૧૯૧૦ના શ્રાવણ વદ ૯ ને દિવસે મેરાઈ ભક્તને કહે છે.

**પ્ર.૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૪)**

૧. મહારાજ પાસે રાત્રે પત્ર લેખનની સેવા કરતા સવાર થઈ ગઈ. બધા સંતો ઘેલે નાહીને પરવારી ગયા હતા. હવે પોતાની જોડમાં કોણ આવશે? તેવી શુકમુનિની મુંઝવણ જોઈ મહારાજે તેમને સુખડી આપી કહ્યું આજે સુખડીનું દાતણ કરો. (૩/૧૯)

૨. અખંડાનંદ સ્વામીને ઝાડા થઈ ગયેલા હતા. ચાલવાની શક્તિ રહી ન હતી. તે વખતે જીવુબા રથમાં બેસી કારિયાણીથી ગઢપુર આવતાં હતાં. જીવુબાથી સંતનું દુઃખ જોયું ગયું નહિ. તેથી તેઓ આકરા તાપમાં ઉઘાડે પગે ચાલી નીકળ્યા અને સંતને રથમાં બેસાડ્યા. (૬/૪૧-૪૨)

**પ્ર.૯ નીચેના પ્રસંગોમાંથી કોઈપણ <u>એક</u> પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

**૧. ખૈયા ખત્રી સાથે શાસ્ત્રચર્ચા (૧/૫) :-** શ્રીજીમહારાજ સંતો હરિભક્તો સાથે કચ્છમાં પધાર્યા. માંડવીમાં પ્રખર વેદાંતી ખૈયો ખત્રી રહેતો. મહારાજ સાથે તેણે શાસ્ત્રચર્ચા કરવાની ઈચ્છા જણાવી. મહારાજે બ્રહ્માનંદ સ્વામીને શીખવાડ્યું કે ‘ખૈયો આવે ત્યારે તમારે મારી ગાદી ઉપર બેસવું અને હું નીચે બેસીશ. ખૈયો પ્રશ્ન પૂછે ત્યારે તમારે કહેવું તેનો જવાબ મારા શિષ્ય કરશે. સ્વામીને આ વાત અનુચિત લાગી પણ મહારાજની આજ્ઞા આગળ લાચાર હતા. ખૈયો શિષ્ય સાથે આવ્યો ત્યારે બ્રહ્માનંદ સ્વામી ગાદી ઉપર બેઠેલા હતા. ખૈયાએ બ્રહ્માનંદ સ્વામીને જ ભગવાન જાણીને પ્રશ્નો પૂછયા ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ મહારાજને બતાવીને કહ્યું તેનો ઉત્તર અમારા આ શિષ્ય કરશે. મહારાજે તેના પ્રશ્નોના સચોટ ઉત્તર કર્યાં. તેથી સ્તબ્ધ થઈ ગયેલા૦ ખૈયાને શંકા થઈ.

ત્યારે ખૈયાની માએ કહ્યું 'નાનો સાધુ બ્રહ્મ છે અને આ ઉપર બેઠેલો ઢગો બ્રહ્મ છે.' તે સમયે બ્રહ્માનંદ સ્વામીએ મહારાજને ગાદી પર બેસાડ્યા અને પોતે નીચે બેઠા. ખૈયાની ભ્રાંતિ દૂર થઈ અને તે મહારાજનો આશ્રિત થયો.

**૨. ભક્તો પ્રત્યે ઝીણાભાઈની આત્મબુદ્ધિ (૪/૨૮) :-** એક વાર ઝીણાભાઈ કામ પ્રસંગે માંગરોળ પધારેલા. કમળશી વાંઝા નામે હરિભક્ત ખૂબ બીમાર હતા. તેમની સેવા ચાકરી કરનાર કોઈ ન હોવાથી ઝીણાભાઈ તેમને પોતાના દરબારમાં લાવ્યા ને પોતે સેવા ચાકરી કરવા લાગ્યા. એકવાર કમળશી વાંઝાને માથું દુઃખતું હોવાથી ઝીણાભાઈએ અદીબા પાસે તીખાં માંગ્યા. અદીબાએ ના પાડી. થોડા દિવસ પછી 'પોતાનું માથું દુઃખે છે' તેમ કહ્યું ત્યારે અદીબા થોડા તીખાં વાટીને લાવ્યાં. આથી ઝીણાભાઈએ ગુસ્સે થઈને વાડકી ફળિયામાં ફેંકી દીધી અને અદીબાને કહ્યું 'તીખાં ક્યાંથી આવ્યા ? કમળશી માટે ન મળ્યાં ને મારે માટે મળ્યાં' એમ કહી રીસ ચડાવીને અદીબા સાથે અબોલા લીધા.

**૩. સત્સંગ વિકાસમાં નિર્ગુણદાસ સ્વામીનું યોગદાન (૭/૪૭) :-** નિર્ગુણદાસ સ્વામીને ઉપાસનાના પ્રવર્તનના કાર્ય માટે અને સ્વામીશ્રીજી માટે મરી ફીટવું એ એક જ તાન હતું. સ્વામિનારાયણ એ જ અક્ષરપુરુષોત્તમ, એ જ આત્મા-પરમાત્મા, એજ બ્રહ્મ-પરબ્રહ્મ અને વર્તમાન કાળે શાસ્ત્રીજી મહારાજ એ જ સ્વામીશ્રીજીનું પ્રત્યક્ષ સ્વરૂપ છે એવી સ્વરૂપ નિષ્ઠાની વાતો તેઓ કરતાં હતા. નવા મુમુક્ષુઓને ખૂબ ધગશથી આ વાત સમજાવતા. પત્રો લખીને પણ હંમેશા સૌને પોષણ આપતાં. તેમની 'વચનામૃત'ના મુદ્દાની પકડ અને સમજાવવાની અદભુત શૈલી હતી. ગુજરાત બહાર ખાનદેશમાં પણ સત્સંગ પ્રચારાર્થે તેઓ વર્ષો વર્ષ જતાં. શાસ્ત્રીજી મહારાજનો અદ્ભૂત મહિમાં તેઓને સમજાવતાં. તેમણે હરિભક્તોને સ્વામીમય કરી દીધા હતા. પોતે સમર્થ હોવા છતાં હંમેશા હરિભક્તોને સ્વામીશ્રીમાં જ જોડતાં અને પોતે દાસ બનીને રહેતા. અવિરત સત્સંગ પ્રવૃત્તિ ચાલતી. સત્સંગમાંથી કોઈનું મન પાછું પડ્યું હોય ત્યારે નિર્ગુણસ્વામી તેને વચનામૃત અને સત્સંગના ગ્રંથોના આધારે પ્રગટ સ્વરૂપની નિષ્ઠા દૃઢ કરાવી અવાર નવાર ખબર રાખે અને કોઇને સત્સંગમાંથી પાછા પડવા ન દે. દેશ ઉપરાંત પરદેશમાં અક્ષરપુરુષોત્તમની અને પ્રગટ સત્પુરૂષની નિષ્ઠાની પત્રમાળા ચાલુ કરી સત્સંગ વધાર્યો. પત્ર એક બે પાનાનાં નહીં પણ સો-સો પાનાં સુધી લખતા. આમ તેમણે સત્સંગ પ્રચારના મહાન કાર્યને ઘણોજ વેગ આપ્યો હતો. તેમાં તેમનો અગત્યનો ફાળો હતો.

**પ્ર.૧૦ નીચેના પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૪)** **☞ નોંધ :- અડધા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. દેવાનંદ સ્વામીનાં કીર્તનો સાંભળીને દલપતરામ તેમના શિષ્ય બન્યા. (૨/૧૪)
૨. સત્સંગમાં આશાભાઈનું જીવન રંતિદેવ સમાન હતું. (૮/૬૦)
૩. શાસ્ત્રીજી મહારાજને શુકમુનિએ વર્તમાન ધરાવ્યાં હતાં. (૩/૨૧)
૪. બ્રહ્માનંદ સ્વામીએ મહારાજ માટે સંજીવની ઔષધ તૈયાર કર્યું. (૧/૮)

**પ્ર.૧૧ નીચે આપેલાં વાક્યોમાંથી વિષયને અનુરૂપ <u>પાંચ</u> સાચાં વાક્યોને શોધી <u>ફક્ત નંબર</u> લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ : જવાબમાં આપેલ અંક કોઈપણ રીતે લખેલા હોય તો પણ સંપૂર્ણ સાચું આપવું.**

**વિષય : જોબન પગી (૫/૩૧ થી ૩૭)** **જ. ૧, ૪, ૫, ૬, ૧૦**

**પ્ર.૧૨ નીચેનાં વાક્યો ખરાં છે કે ખોટાં તે જણાવી ખોટાં વાક્યો સુધારીને ફરીથી લખો. (કુલ ગુણ ૪)**

**☞ નોંધ : - ફક્ત ખોટું જણાવેલ હોય તો ગુણ ન આપવો. નીચે સાચો જવાબ લખ્યો હોય તો જ ગુણ આપવો.**

**૧. ખોટું - ✗** (૩/૧૯) જ. ડભાણના વિપ્ર જગન્નાથને દીક્ષા આપી મુક્તાનંદ સ્વામીએ 'શુકાનંદ' નામ પાડ્યું.

**૨. ખોટું - ✗** (૮/૫૩) જ. આશાભાઈ સત્સંગ થયા પહેલાં દર પૂનમે રણછોડરાયનાં દર્શન કરવા ડાકોર જતા હતા.

**૩. ખરું - ✓** (૨/૧૪) **૪. ખોટું -✗** (૩/૨૨) જ. શુકાનંદ સ્વામીએ હરિગીતાનું પુસ્તક લખ્યું.

**(વિભાગ - ૩ : નિબંધ)**

**પ્ર.૧૩ નીચેનામાંથી કોઈપણ <u>એક</u> વિષય પર આશરે ૩૦ લીટીમાં નિબંધ લખો. (કુલ ગુણ : ૧૦)**

**નિબંધ એ મૌલિક વિષય છે, તેનાં ઉપર આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણા પાસા આવરી શકાય છે. જેવાં કે મૌલિક્તા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે.**

**૧. B.A.P.S. ની પ્રગતિનું રહસ્ય : સેવા**

૧. B.A.P.S. ની સ્થાપના ૧૯૦૭માં - આજે ૨૦૦૮માં સંસ્થા શતાબ્દી ઉજવીને વિકાસની મંજિલ પર આગેકૂચ. ૨. સંસ્થા પ્રગતિનાં સોપાન સર કરે તેની પાછળ અનેક પરિબળો - પણ તેમાનું એક આવશ્યક પરિબળ અથવા વિકાસનું રહસ્ય એ 'સેવા' - સેવાની વ્યાખ્યા - કોઈપણ જાતના બદલાની અપેક્ષા વગર ભગવાન અને સંતનો રાજીપો મેળવવા માટે કરાતી પ્રવૃત્તિ એ જ 'સેવા'. ૩. સેવા ત્રણ પ્રકારની મન, કર્મ અને વચનની - સેવા અંગે, સેવાના મહિમા અંગે ઈષ્ટદેવ તથા ગુરુ પરંપરાના વિધાનો - પ્રસંગો. ૪. સેવાનો સાચો આદર્શ શ્રીજીમહારાજ સ્વયં - પોતે સર્વોપરી ભગવાન છતાં સેવકરામની

વિરક્તભાવે સેવા કરીને આદર્શ સેવકનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું - ઈષ્ટદેવના પગલે અક્ષરબ્રહ્મની સેવાના પ્રસંગો - ગુરુપરંપરાના સેવાના પ્રસંગો. **૫.** આમ, મન, કર્મ, વચને કરેલ સેવાને નજરમાં રાખીને **B.A.P.S.** ના સંતો, હરિભક્તો, કાર્યકરોનું સેવાની પ્રવૃત્તિમાં જોડાણ - સેવાથી જ સંસ્થામાં ઉજવાતા સમૈયા, ઉત્સવો વગેરેથી સમાજમાં સંસ્થાની પ્રતિષ્ઠા વગેરે શોભે છે - પ્રસંગો **૬.** ઉપસંહાર

**૨. અતિ સમર્થ, અતિ ક્ષમાવાન સંત : શાસ્ત્રીજી મહારાજ**

**૧.** B.A.P.S. સંસ્થાના આદ્યસ્થાપક શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી એટલે કે પૂજ્ય શાસ્ત્રીજી મહારાજ - જે વ્યક્તિ સંસ્થાની સ્થાપના કરે તે વ્યક્તિ કેટલી સમર્થ હોય તે સંસ્થાના વિકાસ પરથી ફલિત થાય. **૨.** શાસ્ત્રીજી મહારાજ સમર્થ સંત : કોઈપણ પ્રવાહના વહેણમાં સીધે રસ્તે ઝંપલાવવું તે અતિ સુગમ અને સરળ - પણ સામા પૂરમાં ઝંપલાવવું અને લક્ષ્ય સુધી પહોંચવું અતિ, અતિ કઠણ - સંપ્રદાયની અતિ વિશાળ સંસ્થાની સામે પડીને પોતાનું ધારેલ લક્ષ્ય સિદ્ધ કરવું એ જ તેમના સાર્મથ્યની પ્રતીતિ - ટાંચાં, સાધનો સાવ ઓછા (સંખ્યાની દૃષ્ટિએ) હરિભક્તો, નાણાંકીય કપરી પરિસ્થિતિની વચ્ચે પાંચ-પાંચ સંગેમરમરનાં ગગનચુંબી મંદિરો માત્ર અર્ધા દાયકાથી પણ ઓછા સમયમાં ખડાં કરી દેવા તે સામર્થી નાની સૂની ન ગણાય. ઈંટ, સિમેન્ટ, રેતીના મંદિરો સાથે ચૈતન્ય મંદિરો ઘડવાં, માથાભારે મનુષ્યોના હૃદય પરિવર્તન કરવા. છતાં સિદ્ધાંત કે ધર્મનિયમમાં લેશમાત્ર પણ બાંધછોડ ન કરવી તે સામર્થી તો અજોડ - આ સામર્થીની તોલે કોઈ બીજી સામર્થી સંભવી જ ન શકે. (પ્રસંગો - દૃષ્ટાંતો) **૩.** આવા અતિ સમર્થ સંત છતાં ક્ષમાવંત પણ એવા જ - એમાં પણ એમની ક્ષમાની, અજાતશત્રુતાની નિરાળી છટા - વરતાલમાં રહીને વેઠેલ શારીરિક, માનસિક કષ્ટોની વચ્ચે પણ હસતે મુખે નિર્મળ હૃદયે દરેકને ક્ષમાપ્રદાન (પ્રસંગો લખવાં) **૪.** જે કોઈ વ્યકિત સમર્થ હોય તે ક્ષમાવંત હોય તેવું સંભવી શકે જ નહિ - કારણ તેની પાસે સત્તાનું, પદનું હોદ્દાનું સાર્મથ્ય - ધનનો મદ હોય - સમર્થ હોય તે ક્ષમા ન જ કરે. (પ્રસંગો) (રાજાઓમાં સત્તા પર હોય તેનાં) **૫.** શાસ્ત્રીજી મહારાજ વિરલ, અજોડ સંત કે જે સમર્થ છતાં ક્ષમાવંત (વચ.ગ.પ્ર.૨૭નું મૂર્તિમાન સ્વરૂપ સમર્થ હોવા છતાં ક્ષમા કરવી તે ભગવાન અને આવા ભગવાનના અખંડ ધારક સંત પાસે જ સંભવી શકે. **૬.** ઉપસંહાર

**૩. નિત્ય પૂજાનાં વિવિધ અંગો અને તેના લાભ :**

૧. નિત્ય પૂજાનો અર્થ - પોતાના ઈષ્ટદેવની દરરોજ થતી પૂજા એ નિત્ય પૂજા - નિત્ય પૂજાના પ્રકારો.

૨. નિત્ય પૂજાનાં વિવિધ અંગો અને તેના લાભ : (૧) આત્મવિચાર : આત્મવિચાર કરવાથી આત્મા-પરમાત્માનું જ્ઞાન થાય - દેહ - આત્મા જુદા મનાય. આત્મામાં પરમાત્મા બિરાજેલ છે તેવો વિચાર કરવાની મનની સ્થિરતા. (૨) ધ્યેયનું ચિંતન : આપણું અંતિમ ધ્યેય શું ? મનુષ્ય દેહ શાને માટે મળેલ છે. ધ્યેયનું ચિંતન સવારમાં કરવાથી સુકૃત્યો થાય, દુષ્કૃત્યનો વિચાર પણ ન આવે. (૩) માનસી પૂજા : ભગવાનની માનસી પૂજા ભાવપૂર્વક કરવાથી પ્રત્યક્ષ પૂજા જેટલું જ ફળ (શ્રીમુખે વચનામૃત મુજબ) જેની પાસે ધન ન હોય તેવી વ્યક્તિ પણ ભગવાનને સારાં વસ્ત્રો, સારાં આભૂષણો, મેવા-મીઠાઈ માનસીમાં ધરાવી શકે. આપણો ભાવ પણ પૂરો થઈ શકે. (૪) પૂજાની ગોઠવણી - તિલક-ચાંદલો : તિલક અને ચાંદલો તે ભગવાન અને ભક્તનું પ્રતીક 'હું ભગવાનનો ભક્ત' તેથી ધર્મ નિયમમાં દૃઢતા તિલક-ચાંદલાથી રહે. (૫) મંત્રજાપ : ભગવાન સ્વામિનારાયણનો મંત્રજાપ કરવાથી આપણે ભગવાનના ભક્ત છીએ તેવું અનુસંધાન રહે. કાળા નાગનું ઝેર ઉતરી જાય, સંકલ્પો પૂરા થાય એવા બળિયા મંત્રનું રટણ. (૬) તપની માળા : નીલકંઠ વર્ણીએ મુમુક્ષુઓ માટે વેઠેલ કષ્ટોનું અનુસંધાન તપની માળા કરવાથી આવે. (૭) પ્રદક્ષિણા : આપણા જીવનમાં ભગવાન અને સંતને કેન્દ્રમાં રાખી દિવસ દરમ્યાનની તમામ પ્રવૃત્તિમાં અનુસંધાન રહે કે મારા જીવનમાં ભગવાન અને સંત કેન્દ્રમાં છે. તેથી હું નિર્ભય છું. ખોટા કર્મ કરવાથી પાછું વળાય. (૮) દંડવત : ભગવાન અને સંતને દંડવત કરવાથી નિર્માનીપણું આવે. હું ભગવાનનો, સંતનો દાસ છું એવી દાસત્વભક્તિ આવે - શારીરિક ફાયદા થાય. (૯) શિક્ષાપત્રી અને યોગીગીતાનું વાંચન : શિક્ષાપત્રીના શ્લોક વાંચવાથી મહારાજની આપેલ આજ્ઞાઓનું અનુસંધાન રહે - યોગીજી મહારાજ જેવા ગુણો પ્રાપ્ત કરવાનું બળ મળે. ૩. ઉપસંહાર

❑ ❑ ❑